## EDII ના બે રિસર્ચ પેપર રિલીઝ થયાં

# કારકિર્દીમાં બ્રેક લીધાં બાદ મહિલાઓની સમસ્યાઓ અને વિકાસનો ગ્રાફ દર્શાવાયો

અમદાવાદ : એન્ટરપ્રેનિયરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી.આઈ.આઈ.) ખાતે ૧૧મી મેના રોજ નવી દિલ્હી ખાતે વાણિજ્ય ભવનમાં બે રિસર્ચ સ્ટડીઝ રિલીઝ કર્યા હતા. ભારત સરકારનાં ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના પોલીસી રિસર્ચ સેલના વડપણ હેઠળ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સેન્ટર ફોર પોલીસી રિસર્ચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી એન્ટરપ્રિન્યોશીપ દ્વારા બન્નેં રિસર્ચ સ્ટડિઝ હાથ ધરાયા હતાં. કેન્દ્રિય સાયન્સ એન્ડ ટેકનોલોજી એન્ડ અર્થ સાયન્સ પ્રધાન હર્ષ વર્ધન દ્વારા સ્ટડી રિલીઝ કરવામાં આવ્યાં હતાં. ભૂતપૂર્વ સિનિયર ફેકલ્ટી બી.પી. મુરલી અને ઈ.ડી.આઈ. આઈ.ના એસોસિયેટ સિનિયર ટ્રેનર એસ.બી. સરીન દ્વારા તૈયાર કરાયેલ સ્ટડી, ઈફેક્ટિવનેસ એફિકસી એન્ડ સસ્ટેનિબિલિટી ઓફ ઈન્ક્યુબેટર્સઈન ઈન્ડિયા એન્ડ બેન્ચમાર્કિંગ ધેમ વીથ ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ ઈન ઈન્ક્યુબેશન. ભારતમાં ઈન્ક્યુબેટર્સ સમક્ષ સર્જાતી મુખ્ય સમસ્યાઓ અને દેશમાં ઈન્ક્યુબેશન સર્વિસ માળખું, વિશ્વમાં અન્ય ઈન્ક્યુબેટર્સ દ્વારા અપનાવાયેલી શ્રેષ્ઠ પદ્ધતિઓને પણ તેમાં સાંકળી લેવામાં આવી હતી. જ્યારે અન્ય ફેકલ્ટી ડો. લલિત શર્મા દ્વારા તૈયાર




રાયેલ બીજા સ્ટડી જેમાં કારકિર્દીના અભ્યાસ દરમિયાન બ્રેક પછી ટેકનોલોજીકલ કૌશલ્ય ધરાવતી મહિલાઓને ટેકનોપ્રેનિયરલ પ્રવૃત્તિમાં સાંકળવા દરમિયાન થતી સમસ્યા અને આ ક્ષેત્રમાં તકો તેમજ નવી નીતિઓના વિકાસ અથવા વર્તમાન સિસ્ટમમાં સુધારો લાવવાના પગલાં સુચવવામાં આવ્યા છે. આ સ્ટડીમાં દર્શાવવામાં આવ્યું છે કે ૭૫ ટકા પ્રતિવાદીઓએ એન્ટરપ્રેનિયર બનવાની તૈયારી દર્શાવી હતી. તેમજ માત્ર ૯.૨૮ ટકા મહિલાઓએ નોકરીમાં પુનઃ જોડાવવાની તૈયારી દર્શાવી હતી.